R.N.I. No. : GUJGUJ/2000/447-
અયૂબ ૪૦ : ૧૯
Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 03 DATE: 20-01-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## સુપ્રીમ કોર્ટના ચાર જજ્જોએ પ્રોસિજરને લગતી સમસ્યાને ઉજાગર કરી : સર્વોચ્ચ અદાલતમાં વિવાદનો અંત લાવવા સૌની નજર

સુપ્રીમ કોર્ટના ચાર જજ્જોએ ચીફ જસ્ટીસ દિપક મિશ્રા સામે પ્રોસિજરને લગતી સમસ્યા બાબતે વાંધા રજુ કરીને ન્યાયપાલિકાના હિતમાં પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાનો અવાજ રજુ કર્યો હતો. તેમણે ઉઠાવેલા મુદ્દાઓને વહેલી તકે ઉકેલ આવે તે દિશામાં ચારેબાજુએથી પ્રયત્નો શરુ થયા છે.જો કે જજ્જો પૈકીના એક કહ્યુ હતું કે કોઈ બંધારણીય કટોકટી સર્જાઈ નથી,ફક્ત પ્રોસિજરને લગતી સમસ્યા છે અને ચીફ જસ્ટીસ સમક્ષ ઉઠાવેલા મુદ્દાઓને ઉકેલવામાં આવશે તેવી આશા છે.કામ અંગેની વહેચણીમાં થતી અવવ્યવસ્થાને સરળ કરવાની પ્રક્રિયા કરવાની છે.પ્રેસ કોન્ફરન્સ યોજવી એ સુપ્રીમ કોર્ટની શિસ્તનો ભંગ નથી અને તેમાં કોઈ નિયમભંગનો કોઈ સવાલ નથી તેમ જસ્ટીસ કુરીયને કહ્યુ હતું.અમારા આ પગલાંથી સુપ્રીમ કોર્ટના વહીવટમાં વધુ પારદર્શકતા આવશે. ચાર જજ્જોએ ભેગા મળીને કરેલી પ્રેસ કોન્ફરન્સમાં ચીફ જસ્ટીસ સામે કરેલા આક્ષેપોને કારણે દેશનું રાજકીય વાતાવરણ ગરમાયું હતું.દેશના ઈતિહાસમાં પહેલી વાર સુપ્રીમ કોર્ટના ચાર જજ્જોએ પ્રેસ કોન્ફરન્સ દ્વારા ચીફ જસ્ટીસ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા.ત્યારે સૌની નજર હવે ન્યાય પાલિકામાં જાગેલા વિવાદનો સુખદ અંત કેવી રીતે આવે તે જોવા પર છે.બાર કાઉન્સી સમાધાન કરાવવા માટે સાત સભ્યોની સમિતિની રચના કરી હતી. જો કે કાઉન્સીલે અપીલ કરી હતી કે રાજકીય નેતાઓ આ મુદ્દે રાજનીતી રમશે નહીં તો વિવાદનો ઝડપી ઉકેલ આવશે.ન્યાયતંત્રની ગરીમા ખરડાય તેવું કોઈ પગલું નહીં ભરવા માટે તાકીદ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટના પુર્વ જસ્ટીસ આર.એસ.સોઢીએ કહ્યુ હતું કે આ અભુતપુર્વ વાત છે. જજો આવું કેવી રીતે કરી શકે ? સુપ્રીમ કોર્ટ કેવી રીતે કામ કરે છે તે તમે પ્રેસ મીટ યોજીને કેવી રીતે નક્કી કરી શકો ? હું આના પરિણામોથી દુ:ખી છું. આ બધું નિરાશ કરનારુ છે. શું તમે પ્રેસ મીટ યોજીને જનમત લેવા માંગો છો ? આનાથી ન્યાયતંત્રને જે નુકશાન પહોચ્યું છે તે ભરપાઈ કરી શકાશે નહીં.આ મામલે ચારેય જજીસ સામે મહાભિયોગ કાર્યવાહી ચલાવવી જોઈએ.

હરિયાણા હાઈકોર્ટના ચીફજસ્ટીસ મુકુલ મુદગલે જજિસની પ્રેસ મીટનો બચાવ કર્યો હતો. લોકોની સમક્ષ લાલવવાનું જે જરુરી હતું તે આ ચાર જજીસ લાવ્યા છે. આની પાછળ કોઈ કારણ હશે. આ ચારેય જજ પબ્લીસીટીના ભુખ્યા નથી.

જ્યારે સિનિયર એડવોકેટ ઈંદિરા જયસિંહે ચારેય જજને તેમના સાહસિક પગલાં માટે અભિનંદન પાઠવ્યા હતા. તેઓ ઈતીહાસનું ઋણ ચુકવી રહ્યા છે. તેઓ દેશને જણાવવા માંગે છે કે ક્યાંક કશુંક ખોટું થઈ રહ્યું છે અને તેને યોગ્ય કરવાનું જરુરી છે.

જ્યારે બીજેપી નેતા અને સુપ્રીમ કોર્ટના વકીલ અમિતાભ સિહાએ કહ્યુ હતું કે જજ એકટિઝમમાં ભળવું ન જોઈએ. જજે રાજીનામુ આપી દેવું જોઈએ અને પછી પ્રજાની વચ્ચે જવું જોઈએ. દેશના સર્વોચ્ચ ન્યાયતંત્રની પ્રતિષ્ઠા ઓછી કરવાનું કામ આ જજ્ કર્યુ છે. આજે આ જજ અને પ્રશાંત ભુષણ વચ્ચે કોઈ તફાવત નથી.જ્યારે જસ્ટીસ બી.જે શેઠનાએ કહ્યુ હતું કે આ ચાર જજો ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડીયાની મનમાની બહાર લાવ્યા છે. તે હિમંતને કાબિલ છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## દેશ પ્રત્યેની જવાબદારી અને ઋણ અદા કરવા માટે ચારજજીસ દ્વારા યોજાયેલી પ્રેસ -મીટના કેટલાક મહત્વના મુદ્દાઓ



સુપ્રીમ કોર્ટના ચાર સિનિયર જજો દ્વારા ચીફ જસ્ટીસ સામે ઉઠાવાયેલા મુદ્દાઓ બાબતે પ્રેસ કોન્ફરન્સમાં જસ્ટીસ ચેલેમેશ્વરે કહયું કે અમને મીડીયા સામે આવવાની ફરજ પડી છે.કોઈ અમને એમ ન કહે કે અમે અમારા આત્માને વેચી દીધો છે. તેથી મજબુર થઈને અમે આ પ્રેસ મીટ યોજી છે.અને ચીફ જસ્ટીસને કેટલાક મહત્વના મુદ્દે મહત્વના પગલાં લેવાની અને મનાવવાની કોશીષ કરી હતી પણ અમારા તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. છેલ્લા કેટલાક મહિનાથી સુપ્રીમ કોર્ટમાં એવું ચાલી રહ્યું છે કે જે ન થવું જોઈએ.ચીફ જસ્ટીસને લખેલા સાત પાનાના પત્રમાં લખવામાં આવ્યું છે કે આ નિશ્ચિત અને નક્કી કરેલા સિધ્ધાંતો છે. ચીફ જસ્ટીસે એવું ન માનવું જોઈએ કે તેઓ સર્વોપરી છે.તેઓ રોસ્ટરના માલિક હોય છે પરંતુક્યા કેસમાં કઈ બેન્ચ કે ક્યા જજ સુનાવણી હાથ ધરશે તે નક્કી કરવાનો અધિકાર તેમનો છે.ચીફ જસ્ટીસને આ અધિકારો એટલા માટે અપાયા છે કે જેથી કોર્ટનું કામ શિસ્તબંધ રીતે ચાલે,પરંતુ તેનાથી એવું ન માનવું જોઈએ કે તેઓ સર્વોપરી છે.ચીફ જસ્ટીસ દરેક બરાબરના સાથીઓમાં પ્રથમ છે. કોઈ ઉપર નથી કે કોઈ નીચે નથી

ચીફ જસ્ટીસ દ્વારા કેટલાક કેસો તેમની પસંદગીની બેન્ચ અને પસંદગીના જજીસને જ આપવામાં આવે છે. હાલ કેટલાક ચુકાદા આપવામાં આવ્યા છે તે ન્યાયતંત્ર પર ખરાબ અસરો જન્માવી શકે છે.દેશમાં પણ તેની દુરોગામી અસરો જન્મી શકે છે. ચીફ જસ્ટીસની ઓફિસ અને હાઈકોર્ટચના વહીવટીતંત્રમાં બધુ બરાબર નથી.ચીફ જસ્ટીસે કેસની ફાળવણી રોસ્ટર મુજબ કરવી જોઈએ તેમને મનફાવે તેમ નહીં.આથી આવી પ્રથા બંધ થવી જોઈએ.રોસ્ટરની પરંપરા પહેલેથીજ નક્કી છે જે ચીફ જસ્ટીસનું માર્ગદર્શન કરે છે.આમાં કોઈ શક્તિ એકલીજ તાકાત ન બને તેની તકેદારી રખાઈ છે.આવા અનેક કેસ છે જેનો ઉલ્લેખ અમે આ પત્રમાં કરવાનું ટાળીએ છીએ જેથી ન્યાયતંત્રની વિશ્વસનીયતા પર સવાલો ઉભા ન થાય.ન્યાયતંત્રના સિધ્ધાંતોનુ પાલન કરવાનો મુદ્દો ચીફ જસ્ટીને પણ લાગુ પડે છે.તેઓ જાતે સર્વસત્તાધીસ તરીકે આદેશ આપી શકે નહીં.

આ ઉપરાંત મેડિકલ કોલેજ કૌભાંડમાં ચેલેશ્વરના વડપણ હેઠળની બે જજની બેન્ચે ભ્રષ્ટાચારના મામલે ઘેરાયેલા ઓડીશા હાઈકોર્ટના નિવૃત જજ સામે એસઆઈટી તપાસમાં અરજીની સુનાવણી પાંચ જજની મોટી બેન્ચને સોપવા આદેશ આપ્યો હતો તેને દિપક મિશ્રાની બેન્ચે બદલ્યો હતો.જેમાં હાઈકોર્ટના નિવૃત જજની સીબીઆઈએ ધરપકડ કરી હતી.

## મોદી સરકારના પ્રધાનો,નેતાઓ ડર છોડીને અવાજ ઉઠાવે : યશવંત સિંહા

સુપ્રીમ કોર્ટના ચાર જજ્જોની બગાવતને બહાને ભાજપના નેતા યશવંત સિંહાએ મોદી સરકાર પર અક્રમક પ્રહારો ક્યા હતા.પોતાની તેજીલી ભાષામાં સિંહાએ કહ્યુ હતું કે દેશમાં ૧૯૭૫ની ઈમરજન્સી જેવી સ્થિતિ ન બને માટે સંસદનું ટુંકુ સત્ર બોલાવવું જોઈએ અને તેમાં સમસ્યાની ચર્ચા કરવી જોઈએ. જો ભાજપના પ્રધાનો,નેતાઓને એવું લાગે કે લોકશાહી ખતરમાં છે તો તેમણે મોદી સરકાર સામે ડર્યા વગર અવાજ ઉઠાવવો જોઈએ.અને જજજીસના ટેકામાં ખુલ્લેઆમ બહાર આવવું જોઈએ. સુપ્રીમ કોર્ટના જજીસે કહ્યુ છે કે લોકતંત્ર ખતરામાં છે અને તેમને ગંભીરતાથી મુલવવું જોઈએ. આ ન્યાયપાલિકાનો આંતરિક મામલો નથી તેના કરતાં કંઈ વિશેષ છે. પી.એમ.વિરુધ્ધ અવાજ ઉઠાવવા નેતાઓ અને પ્રધાનોએ ડરવું જોઈએ નહીં. જેવી રીતે સીજેઆઈ સુપ્રીમમાં પ્રથમ છે તેમ કેબિનેટમાં વડાપ્રધાન પ્રથમ છે.અને અન્ય પ્રધાનોની સમાન છે.કેબિનેટના સાથીઓએ તેમની સામે અવાજ ઉઠાવતાં ગભરાવું જોઈએ નહીં.

સિંહાએ કહ્યુ હતું કે દેશમાં ઈમરજન્સી જેવી સ્થિતિ ન સર્જાય તે માટે સંસદનું ટુંકુ સત્ર બોલાવવું જોઈએ અને તેમાં ચર્ચા કરવી જોઈએ.સુપ્રીમ કોર્ટમાં બધું બરાબર નથી ચાલી રહ્યું તો લોકશાહી ખતરામાં છે. જે નાગરિકો લોકશાહીની સુરક્ષા માટે વિચારે છે તેમણે સરકાર સામે અવાજ ઉઠાવવો જોઈએ.હું ભાજપના નેતાઓ અને પ્રધાનોને અપીલ કરું છું કે તઓ ડર છોડીને અવાજ ઉઠાવે.રાજકીય પક્ષોએ પણ સંસદ અને લોકશાહી પરના ખતરાને ગંભીરતાથી લેવો જોઈએ.

શિવસેનાના વડા ઉદવ ઠાકરેએ ૪ બાગી જજોને ટેકો આપ્યો હતો.તેમણે કહ્યુ હતું કે લોકશાહીના ચાર સ્તંભ સ્વંતંત્ર રહે તે જરુરી છે.જે ઘટના બની છે તે ચિંતા સર્જનારી છે જો કે તેમણે શા માટે આવું પગલું ઉઠાવ્યું તે જોવું જોઈએ.ચાર જજ સામે કાર્યવાહી થઈ શકે છે. લોકશાહીમાં ચાર સ્તંભ નગરપાલિકા,ન્યાયપાલિકા,વિધાનસભા અને પત્રકારત્વ એ સ્વતંત્ર રહે તે જરુરી છે. જો કે એકબીજા પર પડશે તો બધું ખતમ થઈ જશે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

દેશની સર્વોચ્ચ ન્યાયપાલિકાના ચાર સિનિયર જજોએ મોઘમમાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રા સામે બગાવત કરી અને લોકશાહી ખતરામાં છે એમ ઘંટ વગાડ્યો.ખરેખર તેમણે જે વાત કરવાની છે તેમાં માત્ર નિર્દેષ જ કર્યો છે.બાકી જેઓ આ જજો શું કહેવા માંગે છે તે સમજી ચુક્યા છે.સરકાર પોતાના ધાર્યા મુજબના નિર્ણયો કોર્ટ પાસે કરાવી રહી છે તેવું કહેવાનું તાત્પર્ય જણાય છે.અને કોર્ટના આદેશો ને આગળ ધરીને સરકાર પોતાની મનમાની કરવાનો પ્રયત્ન કરી રહીછે.જો કે કોલેજીયમ સિસ્ટમ સામે સરકારની સામે કોર્ટે સતત લડત આપી છે. સરકાર પોતાની તરફેણ કરી શકે તેવા જ જજોની નિમણુંક થાય તેમ ઈચ્છે છે.પરિણામે આખી જ્યુડીશરી સરકારને ત્યાં ગીરવી મુકાઇ જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થઇ જાય.દેશમાં માત્ર કહેવાતી લોકશાહી બચી જાય બાકી લોકશાહીના નામે સરમુખત્યારશાહી પાછલે બારણે દાખલ કરી દેવાય.ચારેય જજોને દાદ દેવી પડે કે તેમણે દેશની જનતાને જણાવી દીધું કે પરિસ્થિતિ ક્યા તબક્કે પહોચી ગઇ છે.હવે દેશની જનતા જાગશે નહીં તો પછી પસ્તાવાનો વારો આવશે નહી.

ખેર,યુપીએ સરકારને ઉથલાવી દેવા માટેનું કાવતરુ ઘડાયું અને કેગના વિનોદ રાય તેમાં હાથો બન્યા તેઓ દાવો રાજાએ તેમના પુસ્તકમાં કર્યો .પરિણામે રાજા સહિતના જે લોકો સામે ટુજી કૌભાંડમાં કેસો કરવામાં આવ્યા હતા તે બધા નિર્દોષ સાબિત થયા. પરંતુ યુપીએ સરકાર વગર વાંકે ઘર ભેગી થઈગઈ તેનું શું ? જે લોકો આ બધાનો સામનો કરી શકે તેવા છે તે બધાને કોઈને કોઈ કેસોમાં ફસાવી દેવાની કાર્યવાહી પુરજોશમાં ચાલી રહી છે.

આપની સરકારને ઉથલાવવાના પ્રયત્નોમાં ચુંટણીપંચ દ્વારા જે એકશન લેવામાં આવ્યું તેના પરિણામે આપના ૨૦ સભ્યો ગેરલાયક ઠરશે પરંતુ હજુ સુધી તેમાં રાષ્ટ્રપતિ તેમનો નિર્ણય લેશે. અને તે ચુંટણીપંચે લીધેલા નિર્ણય પર મહોર મારશે .ખેર,ભાજપને દિલ્હીમાં કરારી હાર બાદ તેમના યેનકેન પ્રયત્નોમાં ૨૦ને ગેરલાયક ઠેરવવામાં તેઓ કામયાબ નિવડ્યા છે.પરંતુ આ સભ્યોએ કહ્યુ છે કે પેટા ચુંટણીમાં ભાજપ જીતી બતાવે. ખેર,આવનારા દિવસો દેશના માટે અનેક જુદા જુદા મુદ્દાઓથી રાજકીય આંધીમાં ગરમાવો આવતો રહેશે.

## મંતવ્ય

કોગ્રેસની સરકાર વખતે હિદુઓની ભારે મેદની એકઠી કરી શકતા વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ ડો.પ્રવીણ તોગડીયા પોતાના તેજાબી ભાષણોમાં પાકિસ્તાન અને જેહાદીઓ પર ચાબખા વરસાવનાર તાજેતરમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં જે રીતે રડતા હતા તે જોઈને તેમણે સાબિત કરી દીધું કે તેઓ માત્ર કાગળના જ વાઘ હતા.પોતાની ધરપકડ કરવા આવેલી પોલીસને થાપ આપી ભાગી જઇ ગયા.હિંદુઓના નેતા આવા ડરપોક અને ભાગેડું હોય તેનાથી હજારો તેમના સમર્થકોએ શરમની લાગણી અનુભવી.તેમનું એન્કાઉન્ટર થવાનું છે અને તે માટે તેમણે વડાપ્રધાન મોદી અને અમિત શાહ જેઓ ભાજપના પ્રમુખ છે તેમને માથે આરોપ મુક્યો.

સરકાર સામે પડેલા તોગડીયાને રંજાડવા માટે તેમની વિરુધ્ધ નોધાયેલા અનેક કેસો ખુલવા માંડ્યા છે.આ કેસો પુરવાર થાય તો સજા તો થાય પણ તેમાં ફાંસીની સજા નહીં થાય.પરંતુ હવે તેમને તેમના પર ભરોસો નથી અને વધારેમાં પુરુ તેમના સાથી અને તેમની સંસ્થા દ્વારા તેમને ટેકો મળશે કે કેમ તે પણ નક્કી નથી. તાજેતરની ચુંટણીમાં તેઓ જીતી ગયા પરંતુ હવે તેમનો પહેલા જેવો પાવર ચાલતો નથી.આજે પરિસ્થિતિ એવી બની છે કે પોલીસ આવે અને તોગડીયા ભાગી જાય એનો મતલબ કે સરકારમાં તેમનું કંઇ ઉપજતું નથી.સરકાર હવે વિહિપને મહત્વ આપતી નથી. જો કે ગુજરાતમાં મોદી મુખ્યમંત્રી હતા ત્યારથી વિહિપ અને બજરંગ દળની પડતી શરુ થઇ ગઇ હતી.ભાજપને તેમની જરુર નહોતી.ચુંટણીમાં માત્ર મોદીનો જ કરિશ્મા ચાલે પછી બીજાનું શું કરવાનું ખેર તોગડીયા યુગ પુરો થઈ ગયો. રમણભાઈ પી. વણકર


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## શું આપણે બનાના રિપબ્લીકમાં જીવીએ છીએ ? શત્રુઘ્નસિંહા ભાજપ સાંસદ

ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને અભિનેતા શત્રુઘ્ન સિંહાએ ટ્રિબ્યુન અખબારના આધાર ડેટા અંગેના ખુલાસા વિશે કહ્યુ હતું કે શું દેશના લોકો કોઈ બનાના રિપબ્લીકમાં જીવી રહ્યા છે.બનાના રિપબ્લીક શબ્દનો ઉપયોગ વાસ્તવમાં એવા દેશ માટે કરવામાં આવે છે જે રાજકીય રીતે અસ્થિર હોય છે.ટ્રિબ્યુનના પત્રકારે આધાર પર ખુલાસો કર્યો હતો કે માત્ર રુ.૫૦૦માં આધારની જાણકારી લીક થઈ રહી છે.સિંહાએ ટ્વિટ કરતાં લખ્યુ હતું કે આ કેવો ન્યાય છે ? શું માત્ર વેરની રાજનીતી કરવામાં આવી રહી છે.એટલે સુધી કે સમાજ અને દેશ માટે ઈમાનદારીથી રહેતી પ્રજાને પણ હેરાન કરવામાં આવી રહી છે.સિંહા અગાઉ પણ વિવિધ મુદ્દે કેન્દ્ર સરકાર અને ભાજપ નેતૃત્વ અંગે ટિકા કરતા રહ્યા છે.તેમણે આ ઘટનાના મામલે પત્રકાર વિરુધ્ધ એફઆઈઆર નોંધવા અંગે આકરી પ્રતિક્રિયા આપવા માટે એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડીયાને અભિનંદન આપ્યા હતા.તેમણે આશા વ્યક્ત કરી હતી કે સરકારના સાચા અધિકારી અને ખાસ કરીને સુપ્રીમ કોર્ટ ટુંક સમયમાં આનો ઉકેલ લાવસે.

જો કે વારંવાર ભાજપની ટીકા કરવા બદલ મહારાષ્ટ્ર સરકારે તેમના ઘરનો કેટલોક ભાગ ગેરકાયદે ઠરાવીને તોડી નાંખ્યો છે.મુંબઈમાં ગેરકાયદે બાંધકામનો રાફડો છે.

---

૧૯૨૭માં આવેલી સાઈલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


## વેલકમ-૨૦૧૮

નવું વર્ષ શરુ થઇ ગયું છે.તારીખમાં ૨૦૧૭ના બદલે હવે ૨૦૧૮ લખીશું. ઘરમાં ઓફિસમાં જુના કેલેન્ડરને ઉતારીને ૨૦૧૮નું કેલેન્ડર લટકાવીશું. નવી ડાયરીનું આદાન-પ્રદાન કરીશું. નવા સંકલ્પો લઈશું.અને આમ નવા વર્ષને વેલકમ કરીશું. અને પછી ..... તે જુનુ થઇ જશે. આગળના વર્ષોની જેમ.

નવું વર્ષ દર આવે છે અને વીતી જાય છે. ખરેખરા અર્થમાં વીતી જ જાય છે. વર્ષના છેલ્લા અઠવાડીયામાં આપણે કહેતા હોઈએ છીએ કે અરે ! વર્ષ ક્યાં પુરુ થઇ ગયું, ખબર જ ના પડી !અને ખરેખર વર્ષ વીતી જાય છે. અને આપણે જેવા હતા તેવા ને તેવા જ રહી ગયા હોયએ છીએ. હા, બાહ્ય રીતે બદલાયા હોઈએ છીએ. શરીર ઉપર ઉંમરની અસર દેખાતી હોય છે.પણ અંદરથી તો એજ વર્ષો જુના વિચારોને,માન્યતાઓને વળગી રહ્યા હોઈએ છીએ. એજ જુના વર્ષના ઝનુન સાથે ફરીથી આપણે આપણા વિરોધીઓ સામે લડવા નીકળી પડીએ છીએ.નવા જોશ સાથે તથા નવા ઉલ્લાસ સાથે વર્ષ તો શરુ કરી દઈએ છીએ. આગળના વર્ષોની જેમ ફરીથી સંકલ્પો તો લઈએ છીએ કે જે પુરા નથી થવાના તેવી ૧૦૦ ટકા ખાત્રી હોવા છતાં લઈએ છીએ અને તેનો સહેજપણ અફસોસ આપણને હોતો નથી.અને આમ જ આ વર્ષ અને બીજા વર્ષો પણ પુરા થઈ જશે અને એક દિવસ આમ જ જીંદગી પણ પુરી થઈ જશે અને આપણને ખબર પણ નહીં પડે.જેવા આવ્યા હતા તેવાને તેવા કોરા ધાકર ઈશ્વર પાસે પાછા જઈશું.

ખરેખર આપણે બદલાવું નથી ? એ જ જુના વળગણોને વળગી રહેવું છે ? એ જ રોકાયેલું પાણી બનીને ગંન્ધાય ઉઠવું છે ? પ્રશ્ન વિચારવા લાયક તો ખરા. અને જો જવાબ ના હોય તો આજથી જ બદલાવાની પ્રક્રિયા ચાલુ કરી દઈએ તો ! આપણી બધી પ્રવૃત્તિઓ સુખી મેળવવા માટેની રહેતી હોય યે પણ સુખ વિશે જો વિચારીએ તો સુખી થવુમં કાંઈ અધરુ નથી કે બહુ બધા પૈસાની કોઈ જરુર નથી પડતી ફક્ત શરત એક છે અને તે સહેલી પણ છે કે આપણે ફક્ત દુઃખી થવાનું બંધ કરવાનું છે કારણકે આપણને દુઃખી થવાની આદત પડી ગઇ છે. ફરિયાદ કરતાં રહેવું,અસંતોષી સ્વભાવ રાખવો, નકારાત્મક વિચારસરણી, આ બધાજ દુઃખી થવાના રસ્તા છે. માટે બની શકે એટલું હકારાત્મક વિચારીએ, વધારે ને વધારે ખુશ રહેવાની આનંદિત રહેવાની ટેવ પાડીએ તથા તેનાથી પણ વધારે ખુશી, આનંદનો અનભવ બીજાને કરાવીએ.દરેક નવું વર્ષ નવી તાજગી લઈને આવે છે તો તેનો અનુભવ થાય તે માટે આપણા મન- મસ્તિકને ખુલ્લા રાખીએ. જેમ નવા અંકુરને ફુટવા માટે જુનાએ સમાપ્ત થવું પડે છે તેમ નવી બાબતોના સ્વીકાર માટે જુનાને તિલાંજલી આપીએ. તકલીફોને ઈશ્વરની ભેટ સમજી તેને ગળે લગાડીને સરળતા,સાદાઈ તથા પ્રામાણિકતા દ્વારા ઈશ્વરનો આર્શીવાદ પ્રાપ્ત કરીએ અને તેની જ શક્તિ ઉપર શ્રધ્ધા રાખીએ તેના અત્યંજ બની રહીએ અને સાચા અર્થમાં અંદરથી બદલાઈને નવા વર્ષમાં પ્રવેશ કરીએ.

ઈસુનું આ નવું વર્ષ સમસ્ત સૃષ્ટિને માટે ફળદાયી નીવડે તેવી શુભેચ્છા. હેપ્પી ન્યુ યર. -અન્નપુર્ણા મેકવાન, ગાંધીનગર

## દેશનું લોકતંત્ર ખતરામાં છે : કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી

સુપ્રીમ કોર્ટના ચાર જજીસની પ્રેસ કોન્ફરન્સમાં ચીફ જસ્ટીસ સામે કરાયેલા આક્ષેપો પરેશાન કરનારા છે તેમ કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ કહ્યુ હતું.તેમના નિવાસસ્થાને સીનીયર કોગ્રેસી નેતાઓની મળેલી મીટીંગમાં બેઠક પછી તેમણે કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં પહેલી વાર તેની કામગીરી સામે અને ચીફ જસ્ટીસની કાર્યશૈલી સામે જજો સવાલો ઉઠાવ્યા છે.ચાર જજીસે જે પોઈન્ટ ઉઠાવ્યા છે તે બેહદ જરુરી છે.તેમણે ન્યાયતંત્રમાં ચાલતી ગરબડને કારણે દેશમાં લોકશાહી ખતરામાં છે તેવી ચિંતા વ્યક્ત કરી. દેશમાં તમામ લોકો ન્યાયતંત્રમાં વિશ્વાસ કરે છે.સુપ્રીમ કોર્ટ પર ભરોસો કરે છે.આથી આ મામલો ઘણો ગંભીર છે. જજીસે જે પગલાં લીધા તેની હવે ભવિષ્યમાં મોટી અસરો થશે.

કોગ્રેસે ટ્વિટ કર્યુ હતું કે ચાર જજીસ દ્વારા સુપ્રીમ કોર્ટમાં વહીવટી ગેરરીતીઓ અંગે કરાયેલા આરોપોથી અમે ઘણાં ચિંતિત છીએ. આઝાદી પછી પહેલીવાર સુપ્રીમ કોર્ટના ચાર જજીસે પ્રેસ કોન્ફરન્સ યોજીને હલચલ મચાવી છે. દેશનું લોકતંત્ર ખતરામાં છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## આધારની માહિતી સલામત નથી તેને ઉજાગર કરનાર પત્રકારને ઇનામ આપવા વિકિલિક્સના જનકનો સવાલ

તાજેતરમાં ધ ટ્રિબ્યુન અખબારના અહેવાલમાં દાવો કરાયો હતો કે વોટ્સઅપ પર કાર્યરત એક એજન્ટ ફક્ત રુપીયા ૫૦૦માં કોઇપણ આધાર નંબરની માહીતી લાવી આપવાનો દાવો કરતો હતો. અખબારના અહેવાલ બાદ વિશ્વની સૌથી મોટી બાયોમેટ્રીક ઓળખપત્ર યોજના ચલાવી રહેલી યુઆઇડીએઆઇના અધિકારીઓ શરમજનક સ્થિતિમાં મુકાઇ ગયા હતા. જો કે તેઓએ સ્વીકારવા તૈયાર નથી કે આ પ્રકારે કોઇ આધારકાર્ડ ધારકની માહિતી આપી શકાય.યુઆઇડીએઆઇએ અખબારી અહેવાલને ખોટો ગણાવ્યો હતો. પોતાની ભુલ સ્વીકારવાને બદલે યુઆઇડીએઆઇએ અખબાર અને તેના પત્રકાર સામે એફઆઇઆર નોધાવી હતી.યુઆઇડીએઆઇએ જણાવ્યુ હતું કે આ પગલાંને મીડીયા વિરોધી ગણવું જોઇએ નહીં.

ભારતીય નાગરિકોની પ્રાઇવસીનો નાશ કરવા માટે ભારત સરકારને આડે હાથ લેતાં વિકિલિક્સના જનક અને અમેરિકન વ્હીસલ બ્લોઅર એડવર્ડ સ્નોડેને આધાર ડેટાલીકની પોલ ખોલતાં પત્રકારોને સમર્થન જાહેર કર્યુ હતું.દેશમાં આધાર કાર્ડને સંલગ્ન માહિતી લીક થવાના સંખ્યાબંધ બનાવો નોધાયા છે.આ લીકને જનતા સમક્ષ લાવનારા પત્રકારોને જ દંડવાની ભારત સરકારની નીતિની આકરી ઝાટકણી કાઢતાં સ્નોડને જણાવ્યુ હતું કે પત્રકારો સામે ખટલા ચલાવવાને બદલે ભારત સરકારે યુઆઇડીએઆઇને કથિત લીકમાં તેને જવાબદાર ગણીને સજા ફટકારવી જોઇએ.

એક ટ્વિટમાં સ્નેડને જણાવ્યુ હતું કે આધાર લીકની પોલ ખોલતાં પત્રકારો સામે તપાસ કરવાને બદલે તેમને પુરસ્કૃત કરવા જોઇએ. જો સરકારે અબજો ભારતીયોની પ્રાઇવસીનો નાશ કરતી નીતીઓમાં સુધારા કરવા જોઇએ. ભારત સરકાર જો કોઇની ધરપકડ કરવા માંગતી હોય તો તેણે યુઆઇડીએઆઇના અધીકારીઓની ધરપકડ કરવી જોઇએ.

## આધાર ડેટા સુરક્ષિત નથી : રિઝર્વ બેન્કની થિન્ક ટેન્કનો અભિપ્રાય

ફક્ત રુપીયા ૫૦૦માં કોઇ પણ વ્યક્તિની આધાર કાર્ડની માહિતી મેળવી શકાય છે તેવા અખબારી અહેવાલો બાદ અંગત માહિતીની સુરક્ષાની ચિંતાઓમાં વધારો થયો છે.આ અખબારી અહેવાલ અને દાવાની હજી ખરાઇ થઇ નથી. પરંતુ તેમ છતાં ચિંતા અસ્થાને નથી.રિઝર્વ બેન્ક સાથે સંકળાયેલ એક થિન્ક ટેન્કના અહેવાલમાં પણ આવીજ ચિંતા વ્યક્ત કરાઇ છે.ઇન્સ્ટિટ્યુટ ફોર ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ ઇન બેન્કીંગ ટેકનોલોજીના સ્ટાફ પેપરમાં સુરક્ષાના મુદ્દા ઉઠાવાયા છે.આ અભ્યાસમાં યુઆઇડીએઆઇ અને બેન્કો દ્વારા ભારતમાં અપનાવાયેલ બાયોમેટ્રીક ઉપરાંત આધારના લાભ અને ગેરલાભ જાણવાનો પ્રયાસ કરાયો છે. અભ્યાસ કહે છે કે આધાર સામે ટુંકાગાળા,લાંબાગાળાના સંખ્યાબંધ પડકાર છે.સૌથી મોટો પડકાર તગડો નફો રળવા માંગતા બિઝનેસ વર્લ્ડથી આધારની માહિતી સુરક્ષિત રાખવાનો છે.કારણ કે બિઝનેસ ગૃહો સ્પર્ધાત્મક વાતાવરણમાં તેમના શેરહોલ્ડરોને સંતોષ આપવા માંગે છે.

## સિનેમા ઘરોમાં રાષ્ટ્રગાન વગાડવું હવે ફરજીયાત નથી. સુપ્રીમ કોર્ટ

સિનેમા ઘરોમાં હવે ફિલ્મ શરુ થતાં પહેલાં રાષ્ટ્રગીત વગાડવું ફરજીયાત બનશે નહીં.આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે તેના અગાઉના ચુકાદાનેજ બદલી નાંખ્યો છે.સુપ્રીમે જ્યારે સિનેમા ઘરોમાં રાષ્ટ્રગાન વગાડવાનું ફરજીયાત બનાવ્યુ ત્યારે તેનો ભારે વિરોધ થયો હતો.સોશિયલ મીડીયામાં આ મુદ્દે શાબ્દિક યુધ્ધ છેડાયું હતું.જે લોકો ફરજીયાત રાષ્ટ્રગાન વગાડવાનો વિરોધ કરે છે તેમને દેશદ્રોહી ગણાવવામાં આવતા હતા.વિરોધપક્ષોએ એવી દલીલ કરી હતી કે લોકો મનોરંજન મેળવવા માટે સિનેમાઘરોમાં જાય છે તેમની પર જાણી જોઇને દેશભક્તિ ઠોકી બેસાડાય નહીં.આ પછી સરકાર દ્વારા કોર્ટમાં એફિડેવીટ રજુ કરાતાં સુપ્રીમ કોર્ટે તેનો ફેસલો બદલ્યો હતો.

સુપ્રીમ કોર્ટે અગાઉ પણ એવું કબુલ્યુ હતું કે રાષ્ટ્રગાન વખતે ઉભા થવું તે દેશભક્તિનો માપદંડ નથી.કેટલાક બળવાખોર નેતાઓએ સુપ્રીમનો આ



આદેશ માનવા પણ ઇન્કાર કર્યો હતો.આથી તેમણે નામોશી વેઠવી પડી હતી.

કેન્દ્ર સરકારે એક એફીડેવીટ કરીને તેના આદેશમાં ફેરફાર કરવા કોર્ટને અપીલ કરી હતી. ચાર પાનાની આ એફિડેવીટમાં એવો તર્ક કરાયો હતો કે તે આંતર કેબિનેટ સમિતિ રચી રહી છે જેના આધારે સરકાર નવું નોટિફિકેશન બહાર પાડશે ત્યાં સુધી કોર્ટ તેના અગાઉના આદેશ પર રોક લગાવે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્ક:એ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


**જાણવા જેવું !**

૧૯૨૭માં આવેલી સાઇલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.

ઇગ્લાંડમાં ત્રણ માંબાપો છ બાળકોની જોડીઓ ધરાવે છે.હાલમાં દુનિયામાં છ બાળકોના જોડકાંઓ હયાત છબેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઇતિહાસમાં ધી કેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઇ જવાતો હતો.

## એચ ૧બી વિઝા અંગેનો વિવાદ હાલ પુરતો શમી જતાં ૭.૫લાખ ભારતીયોની હકાલપટ્ટી પર રોક લાગી ગઇ છે

એચ ૧ બી વિઝાના મુદ્દે ટ્રમ્પ સરકારના કડક વલણમાં ફેરફાર આવતાં આઇટી સેકટરમાં કામ કરતાં સાતલાખથી વધુ ભારતીયોને અમેરીકામાંથી ઉચાળા ભરવાની નોબત હાલ પુરતી તો ટળી ગઇ છે.



અમેરિકાની ટ્રમ્પ સરકારે જાહેરાત કરી છે કે એચ ૧બી વિઝા એકસ્ટેન્સન નીતિમાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં.અને તેને હાલ પુરતુ યથાવત રાખવામાં આવશે.વાસ્તવમાં ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા તે પછી તેમણે બાય અમેરિકન- હાયર અમેરિકન ની નીતિ જાહેર કરી હતી.જેને હેતુ વધુને વધુ અમેરિકનોને નોકરી આપવાનો હતો.આ અંગેનો ટાર્ગેટ હાંસલ કરવા માટે એચ૧ બી વિઝા એકસટેન્શન નીતિમાં ફેરફાર કરવાનું નક્કી કરાયું હતું. જો કે તેમાં હવે ફેરફાર નહીં કરવા અમેરિકાના કેટલાક સાંસદો તેમજ ઊદ્યોગોએ સરકાર પર દબાણ કર્યુ હતું.

જો આ નીતિમાં ફેરફાર કરાયા હોત તો તેને મોટી અસરો ભારતીયો પર પડી હોત.જો કે યુએસસીઆઇએસના અધિકારી જોનાથાન વિધિગ્ટનના કહેવા મુજબ બીજા ફેરફાર આવી શકે છે.જેમાં એમ્પલોયમેન્ટ આધારિત વિઝા પ્રોગ્રામનો સમાવેશ થાય છે.

અમેરિકાના એક અધિકારીએ કહ્યુ હતું કે એચ૧બી વિઝા ધારકોના કેસમાં કોઇ નિયમનકારી ફેરફારો કરવામાં આવશે નહીં. આથી આ વિઝા ધરાવતા લોકોએ અમેરિકા છોડવાની જરુર પડશે નહીં. અમેરિકામાં આને લગતા કાયદા અમેરિકન કમ્પિટિટિવનેસ ઇન ધ ૨૧ સેન્ચુરી એકટ ની એક કલ્મ ૧૦૪ સીની વ્યાખ્યામાં ફેરફાર કરવાનો હતો.આ નિયમ યુએસસીઆઇએસને વિઝા એક્સટેન્ડ કરવાની અને છ વર્ષ પુરા થયા પછી તેમાં વધારો કરવાની સત્તા આપે છે. આ કાયદાની કલક ૧૦૬-એ હેઠળ માલીકો એચ ૧બી વિઝા ધારકની વિઝા વધુ એક વર્ષ લંબાવવાની અરજી કરી શકે છે.આથી ભારતીય આઇટી નિષ્ણાતોને તે કલમ હેઠળ પણ રાહત મળી શકે છે.

## જિજ્ઞેસ મેવાણીએ વડાપ્રધાન મોદીને લોકશાહી,બંધારણ માતે ખતરા સમાન ચિતર્યા

નરેન્દ્ર મોદીની સરકાર દેશની લોકશાહી અને બંધારણ સામે એક ખતરો ઉભો કર્યો છે તેમ દલિત નેતા અને ગુજરાતના ધારાસભ્ય જિજ્ઞેસ મેવાણીએ દિલ્હીમાં એક યુવા રેલીમાં કહ્યુ હતું.પોલીસની મંજુરી વગર રેલી યોજવામાં આવી હતી.વડગામના ધારાસભ્યે પાર્લામેન્ટ સ્ટ્રીટ પર યુવા હુંકાર રેલી યોજવા માટે મંજુરી નહી આપવાના પગલાંને ગુજરાત મોડેલ ના રાજકારણનો દાખલો ગણાવ્યો હતો.તેમણે કહ્યુ હતું કે દેશના ૧૨૫ કરોડ લોકો જોઇ રહ્યા છે કે માત્ર ચંદ્રશેખર આઝાદનો મુક્ત કરવાની,બંધારણને અમલમાં મુકવા અને યુવકોને બે કરોડ નોકરીઓ આપવાની માંગણી કરવા માટે કોઇને બોલવાની મંજુરી અપાઇ નથી.

દિલ્હી,લખનૌ અને અલ્હાબાદ સહિત અને વિસ્તારોમાં થી આવેલા વિદ્યાર્થી કાર્યકરોને આવરી લેતી એક ભીડને સંબોધતાં મેવાણીએ કહ્યુ હતું કે એક ચુંટાયેલા પ્રતિનિધિને આવુ કરવાનો અધિકાર ન હોય તો તે ગુજરાત મોડેલ છે.આ રેલીમાં દલિત સંગઠનના ભીમ આર્મીના સ્થાપક ચંદ્રશેખર આઝાદને મુક્ત કરવાની માંગણી કરાઇ હતી.તેમણે કહ્યુ કે તેઓ નફરતના રાજકારણ સામે રક્ષકની જેમ ઉભા રહેશે અને બંધારણીય મુલ્યો તેમજ પ્રેમના રાજકારણ માટે રાહુલ ગાંધીની પડખે રહેશે.

માડાગાસ્કર ટાપુ પર જોવા મળતા ટેનરેક નામના ઉંદર ૮ થી ૩૮ સેમીની લંબાઇ ધરાવે છે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# મોહનદાસ કરમચંદ ગાંધી યાની કે મહાત્મા ગાંધીની હત્યા કોણે કરી હતી : ગોડસે કે અન્ય કોઇ વ્યક્તિએ?

મહાત્મા ગાંધીની હત્યા અંગે નવેસરથી તાપસ થાય કે નહીં એ માટે એમિક્સ ક્યુરીએ રિપોર્ટ સુપ્રીમ કોર્ટને સોપ્યો છે.આ રિપોર્ટ અનુસાર મહાત્મા ગાંધીની હત્યા કોઇ રહસ્યમય વ્યક્તિએ નહીં પરંતુ નથુરામ ગોડસેજ કરી હતી. સુપ્રીમ કોર્ટે એમિકસ કયુરી તરીકે પુર્વ એડિશનલ સોલીસિટર જનરલ અમરેન્દ્ર શરનને નિયુક્ત કર્યો હતા. અભિનવ ભારતના પંકજ ફડનવીસની અરજી પર સુપ્રીમે આ રિપોર્ટ સોપવા કહ્યુ હતું કે જ અરજીમાં ફડનવીશે દાવો કર્યો હતો કે મહાત્મા ગાંધીની હત્યા કોઇ રહસ્યમય વ્યક્તિએ કરી હતી. તેણે ચોથી ગોળી મારી હતી. આ વ્યક્તિ કયારેય પકડાઇ નથી.એમિકસ ક્યુરીએ અંગેના રિપોર્ટમાં જણાવ્યુ છે કે એવા કોઇ પુરાવા એ સિધ્ધ કરવા ટે પુરતા પ્રમાણમાં મળ્યા નથી કે જે નતુરામ્ ગોડસે સિવાય અન્ય કોઇ વ્યક્તિએ ગોળી મારી હતી. અને ગાંધીજીનું મોત થયું હતું.

જસ્ટીસ એ.એસ ખોબડે, જસ્ટીસ એલ.નાગેશ્વર રાવની સુપ્રીમ કોર્ટની બેન્ચે ૭ ઓક્ટો.૨૦૧૭ના રોજ શરનને એમિક્સ ક્યુરી તરીકે નિયુક્ત કર્યા હતા.અને તેમને નિર્દેશ આપ્યો હતો કે તેઓ મહાત્મા ગાંધીની હત્યા અંગેના દસ્તાવેજોની તપાસ કરે.વરિષ્ટ વકિલ અમરેન્દ શરને મહાત્મા ગાંધીના એ વસ્ત્રોની પણ ચકાસણી કરી હતી જે તેમણે છેલ્લી વખત પહેર્યા હતા.૩૦ જાન્યુ.૧૯૪૮ના રોજ હત્યાના દિવસે પહેરેલા મહાત્મા ગાંધીના વસ્ત્રોની તપાસ પછી શરને કહ્યુ હતું કે ગાંધીજીના લોહીથી ખરડાયેલા વસ્ત્રોને એ વિચલિત કરે તેવો અનુભવ હતો.જેમણે આ પ્રકારનો દાવો કોર્ટમાં કર્યો તેમની આ બાબત પાછળનો ઉદ્દેશ શું હતો તેમાં જવું જરુરી છે. તેઓ શું ગોડસેને નિર્દોષ સાબિત કરવા માટે આવા ઉપાસણ કરે છે.કે પછી કોઇકના ખરાબ આશયોને પુરા કરવા આ કરાય રહ્યુ છે તેની પણ તપાસ થવી જોઇએ.ખોટી શંકાઓ ઉભી કરીને સત્યને આડે પાટે ચઢાવીને ઇતિહાસને બદલી નાંખવાની અને સત્યને જુઠમાં પરિવર્તિત કરવાની કેટલીક સંસ્થાઓ ધ્વારા ખાસ રીતે કસરતો કરાઇ રહી છે.જેથી કરીને ખુનીઓને કલીન ચીટ આપીને ઇતિહાસ બદલી નાંખી શકાય.અભિનવ ભારત સંસ્થા પર કેટલાક એવા તારણો બહાર આવ્યા છે જે દેશ માટે ખતરા સમાન છે પરંતુ તેને સત્તા પર બેઠેલા લોકોનો ટેકો હોવાનું અને પીઠબળના કારણે સત્યને મરોડી નાંખવાનું સાહસ તેઓ કરે છે.

# બેન્ક કર્મચારી સાથે લગ્ન નહીં કરવાનો દારુલ ઉલુમનો આદેશ

ઇસ્લામિક સંસ્થા દારુલ ઉલમે નવો વિચિત્ર ફતવો બહાર પાડ્યો અને તેના કારણે વિવાદ સર્જાયો છે.તેણે મુસ્લીમ બિરાદરોને અપીલ કરી છે કે બેન્કીંગ ક્ષેત્રે નોકરી કરતાં લોકો સાથે નિકાહ કરશો નહીં. કારણે તેમની કમાણી હરામ છે.નિકાહની દરખાસ્ત વખતે પવિત્ર પરિવાર સાથે જ સબંધ રાખશો. એક વ્યક્તિએ દારુલ ઉલમને સવાલ કર્યો હતો કે તેને ભારતમાં કેટલાક લોકો તરફથી નિકાહની ઓફર આવી છે. જેમના પિતા બેન્કમાં નોકરી કરે છે. તો આવા પરિવારમાં નિકાહ કરવા કે કેમ. તેના જવાબમાં દારુલ ઉલુમે ઉપરોક્ત ફતવો બહાર પાડ્યો છે.

દારુલે તેના જવાબમાં કહ્યુ કે સ્વાભાવિક રીતે જ આવું( બેકમાં નોકરી કરતાં હોય તેનુ) કુટુંબ હરામના નાંણા કમાય છે. શુ આવા કુટુંબમાં નિકાહ ટાળવા જોઇએ અને તે ઇચ્છનીય નથી. જે લોકો હરામની કમાણીથી ઉછર્યા હોય તે નૈતિક રીતે સારા ન હોય. આવું ટાળવું જોઇએ.

ઉલ્લેકનીય છે કે ઇસ્લામીક શરિયા કાયદા અંતગર્ત નાણાં વ્યાજે આપવા પર પ્રતિબંધ છે.બિઝનેશમાં રોકાણ પર પણ પ્રતિબંધ છે.બેન્કમાં વ્યાજથી જ વ્યવહાર ચાલતો હોય છે.એવું મનાય છે કે આ સિધ્ધાંત કુરાનમાંથી લેવાયો છે અને ત્યારથી તેનું પાલન થઇ રહ્યું છે.ઇસ્લામમાં નાણાંનું કોઇ મુલ્ય નથી. આથી નફો મેળવીને નાણાંની આપલે તેમાં વર્જ્ય ગણાય છે.શરિયા મુજબ ન નાંણાનો વ્યવહાર કરવાની વાત છે.ઇસ્લામિક બેન્ક વ્યાજમુક્ત બેન્કીંગના સિધ્ધાંત મુજબ કામ કરે છે.ઇસ્લામિક કાયદા હેઠળ રિબા એટલેકે વ્યાજનો મતલબ અતિરેક છે. મતલબ કે રોકાણકારે બીજાના સખત પરિશ્રમમાંથી બિનજરુરી વધારાનો કોઇ નફો ન લેવો જોઇએ.

ભારતમાં ઇસ્લામિક બેન્કીનો વિચાર ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહના માનદ સલાહકાર રહેલા રઘુરામ રાજને ૨૦૦૮માં રજુ કર્યો હતો જો કે ત્યારબાદ તેનો અમલ થયો ન હતો.વર્તમાન સરકારે સ્પષ્ટ કર્યો છે કે ઇસ્લામિક બેન્કીંગનો અમલ કરવાની તેની કોઇ યોજના નથી.

ડીઝાઇનર અને સ્લિમ ફિટ બુરખા પહેરવાથી લોકોની નજર ખેચાય છે અને તે ઇસ્લામની વિરુધ્ધ છે તેમ કહીને અગ્રમી ઇસ્લામિક સંસ્થા દારુલ ઉલુમ દેવબંધે તેની સામે ફતવો જારી કર્યો છે. ફતવામાં કહેવાયું છે કે વિવિધ સ્ટાઇલ્સ,કલર્સ અને ડિઝાઇન્સમાં બુરખાને મંજુરી નથી.એક વ્યક્તિએ ડીઝાઇનર બુરખા પહેરવા જોઇએ કે કેમ તેવા એક વ્યક્તિના સવાલના જવાબમાં આ ફતવો જારી કરવામાં આવ્યો હતો.દારુલ ઉલુમ એશિયામાં સૌતી મોટી અને અગ્રણી સેમિનરીઓમાં સ્થાન ધરાવે છે.અને તે સહારનપુરના દેવબંધ શહેરમાં આવેલું છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્વળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# ભારતમાં આવતાં મહિલા પ્રવાસીઓને સતર્ક રહેવા તેમજ ભારતમાં રેપની ઘટનાના મુદ્દે અમેરિકાએ તેમના નાગરિકોને એડવાઇઝરી જારી કરી

દેશમાં દુષ્કર્મની વધી રહેલી ઘટનાઓને કારણે વિદેશોમાં ભારતની છબી ખરડાઇ છે.અમેરિકાએ પણ તે મુદ્દે ચિંતા જાહેર કરી છે.ટ્રમ્પ શાસનને તે સાથે જ નવી ટ્રાવેલ એડવાઇઝરીમાં ભારત આવતાં મહિલા પ્રવાસીઓને સતર્ક રહેવા કહેવામાં આવ્યું છે.અમેરિકાએ ૧૦ જાન્યુઆરીથી આ નવી ટ્રાવેલ એડવાઇઝરી જારી કરી છે.તેમાં ભારત સાથે પાકિસ્તાનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.એકથી ચાર લેવલની એડવાઇઝરીમાં ભારતને બીજા લેવલમાં પાકિસ્તાનને ત્રીજા લેવલમાં મુકવામાં આવ્યા છે.ટ્રાવેલ એડવાઇઝરીમાં ભારતને બીજા લેયરમાં મુકતાં અમેરિકાએ પોતાના નાગરિકોને કહ્યું છે કે ભારતનો પ્રવાસ કરતી વખતે સંભાળો. જમ્મુ-કાશ્મીર અને લેહયાત્રાથી દુર રહેવા કહેવાયુ છે.પ્રવાસીઓને ભારત-પાક સરહદે ૧૦ કી.મી.વિસ્તારમાં ના જવા સલાહ આપી છે. ભારતમાં વધી રહેલા અપરાધ અને આતંકની મધ્યેનજર અમેરિકી વિદેશ મંત્રાલયે એડવાઇઝરી જારી કરી છે.એડવાઇઝરીમાં વધુમાં કહ્યુ છે કે ભારતના અધિકારી જણાવે છે કે ભારતમાં દુષ્કર્મના અપરાધ ઝડપથી વધી રહ્યા છે.પર્યટક સ્થળે આ અપરાધનું પ્રમાણ વધુ હોય છે.

# આધાર ડેટા કૌભાંડ જાહેર કરનાર પત્રકારે કહ્યુ આ તો શરુઆત છે હજુ ઘણું બહાર આવશે

યુઆઇડીએઆઇએ જેની સામે એફઆઇઆર નોધાવી છે તે પત્રકારે કહ્યુ છે કે તેણે પોતાના અહેવાલમાં એક એવા કૌભાંડની વાત કરી છે. મારી તપાસના આધારે હજુ તો આવી અનેક બાબતો ઉજાગર થવાની છે.રચના ખૈરાએ કહ્યુ હતું કે હું તમને કહેવા માંગુ છું કે આપણે માત્ર એક નાનકડો અહેવાલ જ આપ્યો છે.અમે અમારી મોટાભાગની તપાસ પુરી કરી લીધી છે. આ સારુ રહેશે કે યુઆઇડીઆઇ આ પ્રકારની તપાસમાં કાયદેસરતા અનેસંવેદનશીલતા સમજ. અમે અત્યાર સુધીમાં જે કાંઇ ઉજાગર કર્યુ છે તેના કરતાં વધું મેળવ્યું ચે. આગામી થોડાક દિવસોમાં હજુ વધુ ધડાકા થશે. તેણે ખુશી વ્યક્ત કરી હતી કે યુઆઇઈએઆઇએ તેના રિપોર્ટના આધારે થોડાક પગલાં લીધા છે.તેણે કહ્યુ કે આ એફઆઇઆર સાથે સરકાર જોશે કે સલામતી અને ગુપ્તાના મામલે કેટલાંક ઉલ્લંઘનો થયા છે અને તે મુજબ યોગ્ય પગલાં લેશે.

ઘોડાને ચાલીસ દાંત હોય છે અને ઘોડીને છત્રીસ દાંત હોય છે.
ચિલોત્રા નામના પક્ષીની ચાંચ,તીક્ષ્ણ હોવાથી તેનો ઉપયોગ નકશીકામ માટે કરવામાં આવે છે.
જીરાફની જીભ ૨૧ ઇચ લાબી હોય છે.
વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.
માદા કાચબો ૧૦૦૦ બચ્ચાઓને જન્મ આપે છે. પરંતુ કમનસીબે આ ૧૦૦૦ બચ્ચામાંથી ફક્ત ૧ બચ્ચું જ જીવીત રહે છે.
પ્રાગૈતિહાસિક કાળમાં કાચબાઓનું વજન ૫ હજાર પાઉન્ડ જેટલું હતું.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંછુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૭૯૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.